હસ્તે : સૌ. દમયંતી કિશોરચંદ્ર મોતા (રાયધણજર) ભાંડુપ
ચિ. વિશાલ સૌ. સોનલ મનિષ મોતા
ચિ. પ્રાચી સૌ. મીતા અમીત નાગડા (પુના)

મા. નવલબેન લીલાધર મૈશેરી
(લાલા) ઔરંગાબાદ
હસ્તે : સૌ. કાશ્મીરા વિનોદ લોડાયા
સૌ. ગીતા ગીરીશ મૈશેરી



**શ્રી મહાકાળી માતા**

માતુશ્રી યમુનાબેન ભરત લોડાયા (કોઠારા-૪૦ ગામ)
હસ્તે : સૌ. ચેતના હિતેશ મોમાયા (જલગામ)
સૌ. મેઘના અનુપ ગોસર (મસ્કત)
સૌ. અર્ચના પ્રશાંત મોતા (અમરાવતી)

સૌ. પ્રેમિલા પ્રમોદ વીરચંદ મોમાયા
(સાંયરા) ઘાટકોપર
સૌ. સ્મિતા અજય, રશ્મિ કિલ્લોલ
સૌ. હેતલ અમર, મિહિર, યશપાલ, રચિત,
પુન્યા, માનવ.

**શ્રી ગૌતમ સ્વામીની દેરી**
સ્વ. ચેતન પ્રેમીલા દીપક લક્ષ્મીચંદ લોડાયા
(વારાપધ્ધર) ૪૦ ગામની સ્મૃતિમાં
સૌ. અવનિ, ચિ. પૂજા તથા ચિ. મિનાક્ષી

**આગમ દરબારના લાભાર્થી**
સૌ. રેખા લલિત મોમાયા
(સાંયરા) ૪૦ ગામ
ચિ. નેહા, સૌ. નમ્રતા આશિષ.

**શ્રી મહાકાલી માતા દેરી**
મા. નેણબાઈ મણિલાલ ધુલ્લા
(ભરૂડિયા) ૪૦ ગામ
હ. સૌ. નયના અશોક લાપસીયા
સૌ. પારૂલ કિશોર ધુલ્લા

ચાલીસગામ તીર્થના આંગણીયે... આવ્યો પ્રતિષ્ઠા મહોત્સવ...
સાજન - મહાજન સાથે.... પ્રેમે પધારજો સહુ....

## શ્રી ચાલીસગામ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન વતી

## સ્વ. ગોવિંદજી વિરમ નરદે લોડાયા (કોઠારા)

:: પરિવાર ::
આસબાઈ ધનજી, લક્ષ્મીબાઈ તેજપાલ, ભચ્ચીબાઈ ખિમજી, સોનબાઈ શિવજી,
મધુરી ભવાનજી, યમુના ભરત, સૌ. કાશ્મીરા વિનોદ,
સૌ. દિપા મનિષ, સૌ. ચાંદની હિતેશ,
ચિ. ધ્રુવ, ચિ. માનસ, કુ. પલક, ચિ. આદિ
:: નિયાણી ::
સ્વ. નંદકુંવરબાઈ મેઘજી મોતા, સૌ. નિર્મલા તારાચંદ ધરમશી,
સૌ. મધુમતી દિનેશ ભાટે, સૌ. વિમલા હેમરાજ ગોસર,
સૌ. દિપ્તી અનિલ ધરમશી, સૌ. તૃપ્તી કેતન નાગડા, સૌ. ચેતના હિતેશ મોમાયા,
સૌ. મેઘના અનુપ ગોસર, સૌ. અર્ચના પ્રશાંત મોતા તથા
સમસ્ત લોડાયા પરિવાર, ચાલીસગામ
તથા વિદ્યાવિહારના જય જીનેન્દ્ર.


ગોવિંદજી વિરમ


ભવાનજી શિવજી


મધુરીબાઈ ભવાનજી


શિવજી તેજપાલ


સોનબાઈ શિવજી


ભરત શિવજી

અશોક પ્રિન્ટર્સ મો.૯૩૨૮૨૮૮૫૮૨૨

થઈ ગૅસ થાય, લેક્ટોઝ (એક પ્રકારની સાકર)ને પચાવનાર લેક્ટોઝ એન્જાઈમ અને અમાઈલેઝ નામના એન્જાઈમ ઓછા હોય ત્યારે પણ પાચન પર અસર થાય છે, અપચન થાય છે અને ગૅસ ઉત્પન્ન થાય છે.

**૩) ઝડપથી ખાવું :** ઝડપથી ખાવાથી અન્ન દાંતથી બરાબર બારીક કણીરૂપ થતું નથી અન્નના પાચન માટે જરૂરી એવી લાળ પણ ઓછી ભળે તેથી પાચન બરાબર થતું નથી અને ગૅસ થાય છે. ઝડપથી ખાતી વખતે હવા પણ પેટમાં જઈ શકે છે.

**૪) બીડી સિગરેટ :** બીડી સિગરેટ પીવાથી કફથી લઈને કેન્સર જેવી બિમારી ઉપરાંત પાચનમાં પણ વિક્ષેપ પડે છે. બીડી, સિગરેટના ધુમાડા ગરમ હોવાથી પિત્ત વધારે છે અને પિત્ત વધવાથી પણ ગૅસ થાય છે.

**૫) થંડા પીણા :** ઠંડા પીણામાં વાયુ હોવાથી તે પીવાથી ગૅસ થાય અને ઠંડા પીણાની ઠંડકને લીધે પાચકરસ મંદ થાય છે અને પાચન ઓછું થાય તેથી ગૅસ થાય.

**૬) ગૅસ જન્ય ખાદ્ય :** ભાત (ખાસ કરીને નવા ચોખા) બાસમતી, બટેટા, બ્રેડ, પાંઉ, રાજમાં, કઠોળ, સૌ ગૅસ કરે. તળેલા પદાર્થો ગૅસ કરે, એસિડીટી વધારે અને ચરબી પણ વધારે.

બટેટાને વધુ તાપમાને તળવામાં આવે તો કેન્સર પણ થઈ શકે. ડેરી વસ્તુઓ એટલેકે દૂધ, દહીં, ચીઝ, પનીર પણ ગૅસ કરે. દૂધ નાખીને બનાવેલ. ચા પણ ગૅસ કરે, જેમને ડેરી પ્રૉડક્ટસ માફક ન આવતા હોય, પચતા ન હોય તેમને વધુ ગૅસ કરે. અમુક પદાર્થને શેકવાથી એ વધુ ગૅસ ઉત્પન્ન કરનાર બની જાય છે. ભૂંજેલા રાજમા, સફેદ અને કાળા ચણા, સફેદ વટાણા, સેકેલા કોર્ન અને પૉપકૉન ગૅસ કરે. શાકભાજીમાંથી વિટામીન્સ, મિનરલ અને ફાઈબર મળે છે પણ કોબી, ફલાવર, બ્રોકોલી, બટેટા વધારે પ્રમાણમાં ખવાય તો પણ ગેસ થાય. ઘઉંના છોડા (થુલી) અને એવા રેખાવાળા ખાદ્ય ગેસ ઉત્પન્ન કરે. કાંદા-લસણ અને પ્રોટીનના પાવડર પણ ગૅસ કરે.

અમુક ફળો અનાનસ, પપૈયું, દ્રાક્ષ, મોસંબી પણ ગૅસ કરે. ફળ જલ્દી પચી જાય તેથી ખાલી પેટે ખાઈ અડધા કલાક પછી જમવું જોઇએ. જમવા સાથે ફળ ખાઈએ તો અન્ય ખોરાકને પચતા વાર લાગે, ફળ જલ્દી પચે તેથી ગૅસ થાય છે.

કેરીનો રસ પચવામાં ભારે છે અને ભાવતો હોય તેથી વધુ ખાવાય તેથી ગૅસ થાય તેથી જ કેરીના રસમાં સૂંઠ નાખી ઉપયોગમાં લેવાથી-સૂંઠ અન્નને પચાવે અને ગૅસ ન થાય. દૂધ પણ ગૅસ કરે તેથી બાળકોને પણ ગૅસની તકલીફ થાય છે. નાનું બાળક વધુ રડે તો ગૅસની તકલીફ થઈ હશે તે સમજીને ગૅસ મટાડવા ઉપાય કરવા જોઈએ.

**૭) ગ્લુટેન સેન્સીટીવીટી :** અમુક વ્યક્તિઓને ગ્લુટેન સેન્સીટીવીટી હોય તેમને ગ્લુટેન ધરાવતી ચીજો, ઘઉં, જવ, રાઈ વગેરે નથી પચતા અને ગૅસ થાય છે.

**૮) આંતરડામાં ઈન્ફેક્શન :** મરડો કે પાણી જેવા ઝાડા (અમીબીક અને બેસીલરી ડીસેન્ટ્રી)ના જંતુ પાણી કે ખાદ્ય સાથે પેટમાં જાય તો અન્ય તકલીફ સાથે ગૅસ થાય.

**ઉપાય :** નાના બાળકને ગૅસ ન થાય માટે દૂધ પાયા પછી ખભા આગળ બાળકને માંથુ ઉપર રહે તેમ એક હાથથી પકડી બીજા હાથથી બાળકની પીઠને થપથપાવવું. બાળકને બે-ત્રણ ઓડકાર આવે પછી જ સુવડાવવું. બાળક વધુ રડતું હોય અને પેટ ફુલેલું લાગે તો નાભીની આસપાસ જીવન મિક્સર કે પાણીમાં ભેળવી લિંગ પાવડર લગાડવું અને એકાદ ટીપું નાભીમાં નાખવું બાળકને તરતજ ગૅસથી છુટકારો મળશે.

મોટાઓને ગૅસ થયો હોય તો (૧) ૧ નાની ચમચી મરી પાવડર, ૧ નાની ચમચી સૂંઠ અને અડધી ચમચી ઈલાયચી પાવડર નવસેકા પાણી સાથે લેવું. (૨) એક નાની ચમચી સૂંઠ, ૧ નાની ચમચી હિંગ અને ચપટી કાળું મીઠું નવસેકા પાણી સાથે લેવું (૩) એક ચમચી વરિયાળીમાં થોડો લીંબુનો રસ નાખી ચાવવું.

**ગૅસ ન થાય તેની સાવચેતી :** બેઠાડુ જીવન ત્યજીએ, કબજીયાત ન થાય તેનું ધ્યાન રાખીએ, વધુ પડતું ન ખાતાં પ્રમાણસર પચે તેટલું ખાઈઓ, ઝડપથી ન ખાતાં પૂરતું ચાવીને ખાઈએ, ઠંડા પીણા, વ્યસનથી દૂર રહીએ ગૅસ કર્તા ખાદ્ય ટાળીએ. પવન મુક્તાસન, વજાસન, અગ્નિસાર અને હાસ્ત્રિકા પ્રાણાયામનો ઉપયોગ કરીએ.

નિયમિત ચાલીએ, કસરત કરીએ, જમ્યા પછી એક ચમચી સૂંઠ લઈએ, વાનગી બનાવવામાં હીંગ, ફૂદીનો, લીંબુનો ઉપયોગ કરીએ મુખવાસમાં સુવા, વરિયાળીનો ચાવીને ઉપયોગ કરીએ અને ગૅસથી બચીએ.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર
ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ / તવેરા / તુફાન
સંપર્ક: શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા
099798 55686

# પરમ વંદનીય માતા-પિતાના ચરણોમાં
# દ્વિતિય પુણ્યતિથિએ ભાવભરી સ્મરણાંજલિ

**માતાની મમતા ને પિતાનો પ્રેમ કદીએ વિસરાય કેમ ?**

પિતૃ દેવો ભવઃ



**સ્વ. શિવજી ટોકરશી લોડાયા**

(સ્વ. તા. ૧૬/૦૧/૨૦૧૫)

ગામ :

વારાપધ્ધર



માતૃ દેવો ભવઃ



**સ્વ. વિમલાબેન શિવજી લોડાયા**

(સ્વ. તા. ૦૫/૦૭/૨૦૧૪)

**અમારા** હૃદય સિંહાસને સ્મૃતિરૂપે સદાય બિરાજમાન
વિશાળ પરિવારને એક તાંતણે બાંધનાર

**કેમ કરીને ભુલાય તમારા સંભારણા....**
**પ્રભુ આપના આત્માને ચિર શાંતિ આપે એ પ્રાર્થના સાથે**

લિ. પુત્ર વધૂ-પુત્ર : સૌ. નિરૂપમા હરીશ ● સૌ. હેમંતી હિરેન ● સૌ. વૈશાલી વિપુલ
સૌ. શિલ્પા ગિરીશ

પુત્રી-જમાઈ : સ્વ. લતાબેન હિરાચંદ ખોના ● સૌ. કાશ્મીરા કિશોર ખોના
સૌ. જયશ્રી દિનેશ નાગડા

| | | | |
|---|---|---|---|
| પૌત્રો | : ચિ. દર્શન, આકાશ, નિરવ, બાદલ, હર્ષ | પૌત્રી | : ચિ. આયુષી |
| દોહિત્ર | : ચિ. ખંતિલ | દોહિત્રી | : ચિ. સ્નેહા |
| પૌત્રી-જમાઈ | : સૌ. જીંકલ શશાંક નાગડા | દોહિત્રી-જમાઈ | : સૌ. દિપ્તી મિતેશ નાગડા |
| દોહિત્ર-વહુ | : સૌ. વૈશાલી જીગર ખોના | | સૌ. મનાલી કુશલ ધુલ્લા |

**સમસ્ત કાનજી વિરમ લોડાયા - વારાપધ્ધર પરિવાર** તથા
**સમસ્ત અનુપમ પરિવારની ગુણ અને ભાવ સાથેની આદરાંજલિ**

# અય મેરે બિછડે ચમન

- હરિશ્ચંદ્ર



શિયાળો શરૂ થાય કે અબાબીલોની હારની હાર આકાશમાં ઊડતી દેખાય. મને જોવાની બહુ મજા પડે. મારી મા મને કહે, 'આ યાયાવર પંખીઓ છે. દૂર દૂર પોતાના વતન ઠંડા દેશોમાં જ્યારે કડકડતી ઠંડી પડવા લાગે, ત્યારે હજારો માઈલની સફર કરીને આપણા જેવા ઓછા ઠંડા પ્રદેશમાં આવી જાય; અને અહીં ગરમી પડવા માંડે કે ફરી હજારો માઈલની સફર કરીને પોતાના વતન પાછા પહોંચી જાય.' મા કહેતી કે કોઈ પ્રાણીને કે પંખીને કોઈ બીજી જગ્યાએ લઈ જઈએ, તો તે પોતાની મૂળ જગ્યા ભૂલીને ત્યાં જ વસી જાય. પણ યાયાવર પંખીઓનું એવું નથી. હજારો માઈલ ઊડીને બીજી જગ્યાએ આવ્યાં હોય, છતાં પોતાના વતનને નહીં ભૂલે.

પણ માણસ ભૂલી જાય છે. માણસ દેશદેશાવર જાય છે અને વધુ ને વધુ કમાવાની લ્હાયમાં ત્યાં ને ત્યાં વસી જાય છે. પોતાના વતનને સાવ ભૂલી જાય છે! ત્યારે અહીં રહી જનારાઓએ કેવાં દુઃખ-દર્દ ભોગવવાં પડે છે, તે મેં અનુભવ્યું છે. મારાં માબાપ આવી રીતે કેવાં હિજરાતાં, તે મેં મારી નજર સામે જોયું છે. મારો ભાઈ એન્જિનિયર થયો અને તેને ચેન્નઈમાં નોકરી મળી. એ ત્યાં જતો રહ્યો. એ પરણ્યો અને એનું કુટુંબ ત્યાં જ વસી ગયું. મા એની યાદમાં ને યાદમાં બહુ ઉદાસ રહેતી અને આંસુ સારતી. મારા પિતાજીને પણ દીકરા વિના ગમતું તો નહીં, પણ એ પોતાના મનને મનાવતા ને માને પણ સમજાવતા. માણસ ઘરમાં જ બેઠો રહે તો એની પ્રગતિ કેવી રીતે થાય? પંખી પણ બચ્ચાને ક્યાં સુધી પોતાની પાંખ નીચે રાખે છે? બચ્ચાં મોટાં થતાં મરઘી પણ ચાંચ મારીને એમને પોતાનાથી દૂર ધકેલે છે. અને આપણે દીકરીને તો સાસરે વળાવીએ જ છીએ ને!

મા પણ આ બધું ક્યાં નહોતી સમજતી? પણ દીકરી બાબત તો પહેલેથી જ મન પાકું થઈ ગયું હોય છે કે એ કાયમ આપણા ઘરમાં નથી રહેવાની. જ્યારે દીકરો તો ઘરમાં રહેશે, એની વહુ દીકરીની જગ્યા પૂરશે અને થોડાં વરસમાં તો પોતરા-પોતરીથી ઘર ભર્યું-ભર્યું થઈ જશે. આવી આશા દરેક માને હોય જ ને! એટલે મા પોતાના મનને કેમેય કરી નહોતી મનાવી શકતી. અને મારા લગ્ન પછી તો માને બહુ વસમું લાગતું. ઘરમાં માત્ર બે જણ. ક્યારેક ભાઈ પાસે ચેન્નઈ જતી, પણ ત્યાં એને ગોઠતું નહીં. નાના ગામડામાં ને કસ્બામાં રહેલી એટલે મોટા શહેરમાં એને ફાવતું નહીં. દસ-પંદર દિવસમાં એ પાછી આવતી રહેતી.

માની આ બધી હિજરામણ મેં મારી સગી આંખે જોયેલી. તે વખતે મને તેનો પૂરો ખ્યાલ નહોતો આવ્યો, પણ હવે આવ્યો છે. આજે હું જોઉં છું કે મારી સ્થિતિ હવે માના જેવી જ થઈ ગઈ છે. એટલે મને આ બધું સમજાય છે. મારા બેઉ દીકરા ભણવા માટે અમેરિકા ગયેલા, પણ પછી ત્યાં જ રહી ગયા છે. શરૂમાં તો એમ નક્કી થયેલું કે થોડુંક કમાઈ કરીને અહીં પાછા આવી જશે. પરંતુ હવે તો અહીં આવવાનું નામ જ નથી લેતા! પેલાં અબાબીલ તો દર વરસે પોતાના વતને અચૂક પાછાં ફરે છે, પણ આમને તો વતન યાદ જ નથી આવતું. અમે બેઉ બે વખત ત્યાં જઈ આવ્યાં, પણ વધારે રહેવાનું ત્યાં ગમ્યું નહીં.

*ઝાડ, તને વરસોથી એક જ જગ્યાએ ઊભા રહીને કંટાળો આવતો નથી?*
*તારો એક્કેય ભાઈબંધ એની પાસે તને પ્રેમથી બોલાવતો નથી?*
*સાવ-માણસ-જેવો આ સંબંધ!*

અને મેં જોયું કે બંને દીકરાઓ અને એમની વહુઓમાંથી કોઈએ અમને વધારે રહેવાનો આગ્રહ પણ ન કર્યો! મને ઘણું ઓછું આવ્યું. માનાં દીકરા-વહુ તો જરૂર છેટે હતાં, પણ હતાં દેશમાં ને દેશમાં. જ્યારે મારાં તો સાત સમંદર પાર છે!

હું મારી આસપાસ જોઉં છું કે આવી સ્થિતિ મારી એકલીની નથી. આજે તો જાણે વતન છોડીને વિદેશ જવાની હોડ લાગી છે! પાસપોર્ટ અને વીઝાની કચેરીઓની બહાર લાઈનો લાગી છે. બારી દસ વાગ્યે ખૂલતી હોય, પણ લોકો અડધી રાતથી આવીને બેસી જાય છે! શરૂમાં તો માબાપનેય દીકરાને વિદેશ મોકલવાની હોંશ હોય છે, પણ પછી પસ્તાય છે, હિજરાય છે. થોડોક વખત એમનેય ડૉલર-પાઉન્ડની છાકમછોળ સારી લાગે છે, પણ પછી સમજાય છે કે આ ડૉલર-પાઉન્ડથી દિલની ભૂખ કાંઈ ભાંગતી નથી. ડૉલર-પાઉન્ડ કાંઈ થોડા જ પોતરા-પોતરીનો કિલ્લોલ ઘરમાં લાવી દે છે? ડૉલર-પાઉન્ડ કાંઈ થોડા જ સાજે-માંદે સ્વજનના શીળા હૂંફાળા હાથનો અનુભવ કરાવી શકે છે? કુટુંબ આખું સાથે ખાવા બેઠું હોય ત્યારે ખાવામાં જે લિજ્જત આવે, તે ડૉલર-પાઉન્ડ ક્યાંથી લાવી શકવાનાં? સૂમસામ ઘરમાં જ્યારે ડોસો-ડોસી બે એકલાં હોય, ઘર જાણે ખાવા ધાતું હોય, ઘરમાં જાણે સ્મશાનની શાંતિ હોય, ત્યારે ડૉલર-પાઉન્ડને શું ચાટવાનાં?

મારી માની તડપન મેં જોયેલી. આજે એવી જ તડપન હું જાતે અનુભવું છું. ઘણા મને કહે છે કે હવે જમાનો બદલાઈ ગયો છે, હવે દુનિયા નાની થઈને ગામ જેવી થઈ ગઈ છે. પણ મને આ કાંઈ સમજાતું નથી. આ સંકોચાઈ રહેલી દુનિયા શું મારા ઘરને કચડી નાખવાની છે? મારી ઉર્મિઓને મચડી નાખવાની છે? દુનિયા એક બનશે, તેથી કાંઈ મારા ઘરની એકતા તોડી નાખવાની છે?

આકાશમાં જોઉં છું. અબાબીલોની હારની હાર ઊડી રહી છે. અહીં એ દાણા ચણશે, માળા રચશે, પણ વતનને ભૂલશે નહીં, છેવટે પાછા વતન તરફ પાછાં વળશે. માણસ શું ઢગલો દાણા ચણતાં-ચણતાં વતનને ભૂલી જશે?

*(શ્રી જસવિંદર શર્માની હિંદી વાર્તાને આધારે)*

* * *

## સ્મૃતિ

*બીજા બધા મિત્રો પોતાની બાને બા કહેતા*
*ત્યારે અમે તો તમને ભાભી કહી બોલાવતા*
*બા કે મા શબ્દ કદી અમારી જીભે ન ચડ્યો તે ન ચડ્યો*
*અને ભાભી શબ્દનો સ્વાદ 'બા'માં ન્હોતો આવતો.*
*(શબ્દનો જાદુ અદ્‌ભુત હોય છે તે જાણવા છતાં)*

*તમે નગરશેઠમાં પ્રથમ દીકરી, રૂપાળાં,*
*લાડકોડથી ઊછરેલાં*
*અનેક ભાઈ અને એક બહેનની વચ્ચે જાણે દીપસ્તંભ.*
*છત અને અછત બન્નેને ધરાઈને જોઈ લીધી*
*ગુજરાતી અને મરાઠી ભાષા વહેતી રહી વણથંભ.*
*(તમારે જ કારણે મારો ભાષાનો પ્રેમ*
*હેમખેમ અને અકબંધ.)*

*તમે કેટલાંયે છોકરા-છોકરીઓને સંસારે ઠેકાણે પાડ્યાં*
*અને ધાર્યું હોત તો સમાજસેવિકા થઈ શક્યાં હોત*
*એવું તમારું પોત હતું, પણ ચોકઠાં ગોઠવવામાં*
*શક્તિને સીમિત કરી દીધી અને તમે તમારી*
*કુંડળીને એક નાનાઅમથા ગૂંચળામાં વાળી દીધી.*

*પિતાને ચિતા પર સુવાડી અમે જ્યારે ઘરે પાછા વળ્યા*
*ત્યારે તમે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં અને*
*તમારા કપાળ પર*
*કંકુને સ્થાને જાણે કે પિતાની રાખ જોઈને*
*અમારી આંખ પણ*
*ભીની થઈ હતી તે રાત હજીયે બેઠી છે પાંપણ પર.*

*- સુરેશ દલાલ*

*ઝાડ, તને આકરા ઉનાળે ખૂબ શોષ પડે ત્યારે સૂરજ પર ગુસ્સો આવે?*
*વહેતી હવાને ખભે માથું મૂકીને હૈયું ઠાલવવાનું ફાવે?*
*તારાં આંસુનું કેટલું વજન? - હિતેન આનંદપરા*

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

**શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી : રંજન સંધ્યા**

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા રંજન સંધ્યા ૨૦૧૬-૧૭ નું આયોજન રવિવાર તા. ૮/૧/૨૦૧૭ ના સાંજે ઠાકુર હોલમાં કરવામાં આવ્યું હતું. ૩૫૦ થી વધુ જ્ઞાતિજનો તથા કલાકારોએ હાજરી આપી હતી.

રંજન સંધ્યાના દાતા માતુશ્રી નવલબેન જેતશી શિયાડ (દલતુંગી) પરિવારનું બહુમાન કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા જીગર શિયાલ, પ્રિન્સ ધરમશી, ધૈર્ય લોડાયા, રૂપેશ દંડ, ગિરિશભાઈ પટેલ, પ્રમુખશ્રી રાયચંદભાઈ, ઉપપ્રમુખ અજયભાઈ, માનદ્મંત્રી, સહમાનદ્મંત્રી તે અતુલભાઈ ધરમશી તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા કાર્યકરો એ ખુબજ મહેનત કરી હતી.

સંચાલન સાંસ્કૃતિક કમિટિના કન્વીનર સુશ્રી ઉર્મિલાબેન પાસુભાઈ લાલકાએ કર્યુ હતું.

વિજેતા કલાકારો : બેસ્ટ રોટેટ્રીંગ, ટ્રોફી - શ્રીમતી જયશ્રીબેન કમલેશ લાપસીયા (નાટકના લેખિકા તથા અભિનય માટે), મોનો એક્ટીંગ : ધર્મીલ ખોના (૧st), વિર ખુશાલ મોમાયા (૨nd), મોનો એક્ટીંગ : ભવ્ય આનંદ કુરવા (૧st), રેવા જતીન શીયાડ (૨nd), જીલ કેવલ ધરમશી (૩rd), બાલવર્ગ - સોલો ડાન્સ : અંતરા ધૈર્ય લોડાયા (૧st), અક્ષત રીધ્ધીશ છેડા (૨nd), અ ગ્રુપ - સોલો ડાન્સ : વત્સલ શૈલેશ નાગડા (૧st), તીર્થ અમીન ખોના (૨nd), અ ગ્રુપ - સંગીત વાદન : જૈનમ ખુશાલ લોડાયા (૧st), ઇ ગ્રુપ - સોલો ડાન્સ : સાક્ષી ધરમશી (૧st), શીવાની રાજેશ ગોસર (૨nd), ઇ ગ્રુપ - ફેશન શો : રિધમ ગ્રુપ (૧st), રામાપીર ગ્રુપ (જખૌ) (૨nd) નાટક : તોલ મોલ કે બોલ (૧st), ચલ રે ભંભોટીયા આપણે ગામ (૨nd), ગ્રુપ ડાન્સ : મીલે સુર મેરા તુમ્હારા (૧st), સાક્ષી અને ધર્નીષ્ઠા (૨nd), ઈ ગ્રુપ - ગ્રુપ ડાન્સ : સદાબહાર ગીતો (૧st), ગઝીયો (જખૌ) (૨nd), આજ વગડાવો વગડાવો (૨nd) લકી ડ્રો વિજેતા : હીરાબેન લોડાયા, નવીનભાઈ મૈશેરી, ઉર્મિલાબેન લોડાયા.

**શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ**

શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમની જનરલ મીટીંગ તા. ૨૦-૧૧-૨૦૧૬ને રવિવારે શ્રી પરમાર ક્ષત્રીય જૈન સેવા સમાજ, જૈન ધર્મશાળા, પાવાગઢ રોડ, પાવાગઢ. મુકામે રાખવામાં આવી જેમાં ૩૨ આજીવન સભ્યોએ હાજરી આપી.

પ્રમુખે આવકાર આપ્યો. હાલેલ મહાજનના પ્રમુખ શ્રી દિલીપભાઈ મુરજી લોડાયાનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું. એકમના ૩૧-૩-૨૦૧૬ના રોજ પુરા તથા વર્ષના ઓડીટેડ હિસાબ-કિતાબ સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા.

એકમના ખજાનચી શ્રી હિરેન મહેન્દ્રભાઈ મોતાને એકમના ઉત્તર ગુજરાત વિભાગના ઉપપ્રમુખ તરીકેની નિમણુક કરવામાં આવી. હાલોલ મહાજનના પ્રમુખ શ્રી દિલીપભાઈ મુરજી લોડાયાએ તેમનું બહુમાન કર્યું.

એકમની કારોબારીમાં જામનગરના શ્રી ગુલાબચંદ ત્રીકમજી નાગડાનો સમાવેશ કરવામાં આવ્યો.

ગુજરાત વસતા એકમના સભ્યોની ટેલીફોન ડિરેક્ટરી બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું. પાવાગઢ મુકામે સુંદર આયોજન બદલ એકમના કારોબારી સભ્ય શ્રી ભાવેશ નવિનચંદ્ર ખોનાની અનુમોદના આવી. ભોજનની વ્યવસ્થા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન હાલોલએ કરી હતી.

**હૈદરાબાદ મહાજનના પદાધિકારી - કારોબારી સમિતિ**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - હૈદરાબાદના કાર્યાલયમાં રવિવાર, તા. ૧૮ ડિસેમ્બર ૨૦૧૬ના નવી કારોબારી સમિતિના સભ્યોની સભા મળેલ હતી.

ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ પદાધિકારોઓનો નિયુક્તિ કરવામાં આવેલ : પ્રમુખ શ્રી ધનપતભાઈ લાલજી મોતા - વારાપધર, ઉપપ્રમુખ શ્રી હેમાંગભાઈ મણીકાંત મોમાયા - વરાડીયા, માનદમંત્રી - શ્રી હીરેનભાઈ મુલજી મોમાયા (રાજુભાઈ) - સાંયરા, ઉપમાનદમંત્રી શ્રી ધીરજલાલ જેતશી ધુલ્લા - દલતુંગી, ખજાનચી શ્રી લહેરચંદભાઈ ટોકરશી લોડાયા - રાપર ગઢવારી, સહખજાનચી શ્રીમતી કાંતાબેન પ્રફુલ દંડ - ભરૂડીયા.

કારોબારી સભ્યો : શ્રી મોનીકભાઈ વિનોદ ધરમશી - સુથરી, શ્રી વિરેન્દ્રભાઈ શીવજી મોતા-વારાપધર, શ્રી ગુલાબભાઈ પદમશી મોતા - કુવાપધર, શ્રી કીર્તીકુમાર નરશી મોમાયા-વારાપધર, શ્રી કાંતીલાલ દામજી મોતા-તેરા

**શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના કાર્યક્રમો**

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા તા. ૧/૧/૨૦૧૭ના જ્ઞાતિજનો માટે જાહેર મેડીકલ તથા ઈન્સ્યોરન્સ અવરનેસ પ્રોગ્રામ રાખવામાં આવેલ. જેમાં બિપીનભાઈ નાગડાએ વિગતવાર સમજણ આપી. ૧૬૦ જેટલા જ્ઞાતિજનોએ હાજરી આપી હતી.

બીજા શેસનમાં સીનીયર સીટીજનો માટે ડૉક્ટર રૈયાણીએ એક્યુપ્રેસર બાબત જાણકારી વિવિધ બિમારી માટે એક્યુપ્રેસરનાં પોઈંટ પ્રેક્ટીકલ કરીને બતાવ્યા હતા.

ત્રીજા શેસનમાં ડીજીટલ ઈન્ડીયા મોબાઈલ કેશ લેશ આપી વિશે યુવા કાર્યકરો શ્રી જીગર શિયાલ, રીંકલ શાહ, પ્રીન્સ ધરમશી, તરૂણ મૈશેરી, રૂપેશ દંડ, ધૈર્ય લોડાયા, વિરચંદ મૈશેરી વગેરે સારી જહેમત ઊઠાવી હતી અને પ્રોજેક્ટર ઉપર સમજણ આપી હતી.

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ટ્રસ્ટ બોર્ડની ૨ તથા મહાસમિતિની બેઠક યોજાઈ

મહાસમિતિ તથા ટ્રસ્ટ બોર્ડની ૨ બેઠકો રવિવાર, શ્રી સમસ્ત ક.દ.ઓ. મહાજનની તા. ૦૮-૦૧-૨૦૧૭ના શેઠશ્રી નરશી નાથા વાતાનુકુલીત સભાગૃહ, અનંતસિધ્ધી સંકુલ, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ) ખાતે યોજાઈ હતી. સારી હાજરીમાં કાર્યવાહી નક્કર સ્વરૂપે આગળ વધે તેવા મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા હતા.

ટ્રસ્ટ બોર્ડની પ્રથમ સભામાં ટ્રસ્ટીશ્રી બીપીનભાઈ નાગડાએ મેડીક્લેમ અંગે છણાવટ સહ રજુઆત કરી હતી અને મળનાર કમીશનની રકમ જેટલી જ રકમ પોતે ઉમેરીને આપશે તેવી જાહેરાત કરી હતી તથા પોતે લાંબી વાટાઘાટો પછી રૂા. ૪૦૦૦માં ૪ જણના કુટુંબ માટેની રૂા. ૨ લાખની ફ્લોટર પૉલીસી અને તે પણ જાહેર કરેલા વર્તમાન રોગના સમાવેશ સાથેની માટે વચન મેળવી શક્યા છે એવી રજુઆત કરી હતી.

શ્રી જયંતભાઈ છેડાએ 'મુખપત્ર' તથા ડેઈલી 'ઈ પેપર' અને મોબાઈલ એપ વિશે માહિતી આપી હતી. આ સમ્મેલન યોજવા અને બંધારણમાં જરૂરી ફેરફાર અંગે ચર્ચા વિચારણા થઈ હતી.

મહાસમિતિએ ઉક્ત બાબતો માહિતી મેળવી ચર્ચા-વિચારણાના અંતે પ્રકાશ સમિક્ષા તથા વસતિપત્રક સમિતિના પ્રવૃત્તિઓનું પુર્નરાવતન ન થાય સમસ્ત ના પ્રવૃત્તિ / કાર્યોને વેગ મળે તે રીતે અને કાર્યવાહી હાથ ધરવાની સત્તા ટ્રસ્ટ બોર્ડને આપી હતી. બીપીનભાઈ નાગડાની ઉદારતાને વધાવી લેવાઈ હતી.

સમ્મેલન યોજવા જ જોઈએ એવા એક સુર સાથે ૨૦૧૮ અંતે કે ૧૯ના પ્રારંભ આ આયોજન કરવું અને તે અંગેની સઘળી કાર્યવાહી હાથ ધરવા, અને આગળ વધવાની સત્તા ટ્રસ્ટ બોર્ડ ને આપવામાં આવી.

વર્તમાન સમયાનુસાર બંધારણમાં જરૂરી ફેરફાર કરવા સમિતિનું ગઠ્ઠન કરવામાં આવ્યું હતું.

છેલ્લાં સમ્મેલનના ઠરાવોના અમલીકરણ અંગે ટ્રસ્ટ બોર્ડની ગત મીટીંગમાં થયેલ ચર્ચા વિચારણા અને નિર્ણયોની વિસ્તૃત છણાવટ કરી ગેરસમજ દૂર કરવામાં આવી હતી અને ઉક્ત નિર્ણયો લેવાયા હતા.

ટ્રસ્ટ બોર્ડની દ્વિતીય સભામાં મુખપત્ર અંગે પ્રકાશ સમિક્ષા સાથે તથા ઈ લેટર અને 'એપ' અંગે વસતિ પત્રક સમિતી સાથે બેઠકો ગોઠવી ત્વરીત અમલીકરણ કરવાનું સર્વાનુમતે ઠરાવાયું હતું.

ખર્ચને પહોંચી વળવા સમસ્તના ટ્રસ્ટી/પ્રતિનીધીઓએ પાંચ વર્ષ સુધી પ્રતિકાત્મક રકમ આપવાની રજુઆત ને વધાવી લીધી હતી. જ્યારે મુખપત્ર, એપ, ઈ પેપર આદિના ખર્ચ વિજ્ઞાપનથી નિકળી જશે, એ વાતનો શ્રી જયંત ભાઈ છેડાએ પુનઃરૂચ્ચાર કર્યો હતો.

જ્ઞાતિના મહિલા અને યુવાઓ ને એક મંચપર લાવવા પરિસંવાદ ચર્ચા સત્રો, સેમીનાર વિ. નું આયોજન પાંચ એકમ અને મુંબઈ મહાજનને સાથે લાવી ડીસેમ્બર ૨૦૧૭માં કરવાનું સર્વાનુમતે ઠરાવાવું જેના અહેવાલ વિસ્તૃત વિગતો તૈયાર કરી રજુ કરવાની પ્રાથમિક જવાબદારી શ્રીમતી માલતીબેન ધરમશી તેમજ શ્રીમતી વિણાબેન નાગડાને સોંપવામાં આવી હતી.

કિશોરો - યુવાઓ આવનારા સમયમાં વધુ સુસજ્જ બની, સારા લાભકારી વ્યવસાયોમાં કારકીર્દી બનાવી શકે તે માટે ગ્લોબલ સમીટની કેસેટો યજમાન મહાજન બેંગલોર પાસેથી મેળવી સૌ મહાજનોને તેમના ક્ષેત્રના યુવાઓના લાભાર્થે મોકલાવવાનું નક્કી થયું.

ટ્રસ્ટ બોર્ડની આગામી સભા રવિવાર, તા. ૨૬-૦૨-૨૦૧૭ના વિરાર મુકામે મળશે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com

સલામતીના સાધનોનું ઉત્પાદન કરવાનો વ્યવસાય કરનારા જ્ઞાતિ આગેવાન વડોદરાના નિશિથ દંડ હંમેશા કંઈક નવું કંઈક અનોખું બનાવવા તત્પર હોય છે. તેમને તાજેતરમાં એનો ઍવૉર્ડ મળ્યો તે બદ્દલ અભિનંદન.

- ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા તા. ૧૨-૧૨-૨૦૧૬ ના
## આદિપૂર કચ્છ મધ્યે આયોજીત સમસ્ત જૈન સમાજના સમૂહ લગ્નની નોંધ

| | | |
|---|---|---|
| વડોદરા | અંકિત હંસકુમાર દામજી લોડાયા | તેરા |
| ભુજ | હિનલ ચંદ્રકાન્ત હિરાચંદ મુનવર | કોઠારા |
| હુબલી | અદિશ અનુપ ખેતશી ખોના | નલીયા |
| - | ઉર્વશી મુલચંદ પદમશી મુનવર | કોઠારા |
| - | હિરેન (હર્ષદ) હંસરાજ ચત્રભોજ નાગડા | કોઠારા |
| ભુજ | કિંજલ ચંદ્રકાંત પદમશી લોડાયા | કોઠારા |
| ડોમ્બીવલી | પારસ ચીમનલાલ ટોકરશી મૈશેરી | બાંઢીયા |
| વાશી | પ્રિઓમ વસંત આણંદજી દંડ | બાયઠ |
| જામનગર | સાગર જગદીશ જેઠાલાલ ધુલ્લા | સેવકભરૂડીયા |
| - | માનસી ભાવેશ લક્ષ્મીચંદ ખોના | મોટી ખાવડી |
| - | અમિત સુરેશ ધનજી લોડાયા | તેરા |
| - | પુનમ પ્રતાપ હીરજી નાગડા | જખૌ |
| ડોમ્બીવલી | મિથુન ખુશાલચંદ લાલજી લોડાયા | સાંધવ |
| થાણા | ઉર્વશી રમેશ અભયચંદ મોતા | વારાપધર |
| ભાંડુપ | ચિરાગ મણીલાલ જેઠાભાઈ દંડ | મંજલ રેલડીયા |
| ભિવંડી | ભાવિકા ગુલાબ નારાણજી લોડાયા | સાંધવ |
| ઘાટકોપર | ભાવિન વિજય સુમતીલાલ શાહ | મલકન |
| ઘાટકોપર | મિતલ જીતેન્દ્ર વિશનજી ખોના | વારાપધર |
| ડોમ્બીવલી | જીગ્નેશ લક્ષ્મીચંદ લાલજી લોડાયા | નલીયા |
| માનખુર્દ | સ્વાતી સદાશિવ મારૂતી ઠાકરે | સાઉર |
| અમદાવાદ | કાર્તિક કિસોર રતનશી સાંયા | સુજાપર |
| અમદાવાદ | મેઘા મહેન્દ્ર સોમાભાઈ બારોટ | જાસપુર |
| સેલમ | ભાવેન હરીશકુમાર અમૃતલાલ નાગડા | બાયઠ |
| - | બંદના પ્રફુલચંદ્ર બંગાલ બોરો | ગોહાટી |
| ડોમ્બીવલી | રૂબીન શાંતિલાલ હંસરાજ સાવલા | નાની તુંબડી |
| ઉલ્હાસનગર | હેમલતા શીવાજી સુભરાવ નન્દી | બીજાપુર |
| ડોમ્બીવલી | ગૌરવ મહેન્દ્ર લખમશી છેડા | સુથરી |
| લોનાવલા | પ્રિતિ પંજાબ ઠાકરે | લોનાવલા |
| ડોમ્બીવલી | સમીત અરવિંદ વિશનજી લોડાયા | નાની ખાવડી |
| લોનાવલા | મોનિકા બાળાસાહેબ ભુજબળ | લોનાવલા |
| ડોમ્બીવલી | હાર્દિક નવીનચંદ શામજી વિકમશી | વારાપધર |
| લોનાવલા | મમતા દીપક અવાર્ડ | લોનાવલા |
| ભાંડુપ | કુમાર રાજેશ ગોવિંદજી મૈશેરી | કુવાપધર |
| લોનાવલા | આરતી નરેન્દ્ર તિવારી | લોનાવલા |
| જામનગર | મેહુલ ચંપકલાલ ગાંગજી ધરમશી | રંગપુર |
| લોનાવલા | ગૌરી સુભાષ હેગડે | લોનાવલા |
| મુલુંડ | પુરવ મધુસુદન નવિનચંદ્ર દંડ | છાદુરા |
| લોનાવલા | અનીતા સુરેશ ગુપ્તા | લોનાવલા |
| અમદાવાદ | જયદીપ દિનેશ લખમશી મૈશેરી | મોટી સિંધોડી |
| અમદાવાદ | રશ્મી જીતેશ અંબાલાલ મોદી | અમદાવાદ |

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી લાખબાઈ મુલચંદ ખોના**<br>(PS 2211) | ૯૦૨/સી, મયુરેશ રેસીડેન્સી, એશિયન પેઈન્ટ્સની સામે, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વે.), મુંબઈ-૪૦૦ ૦૭૮. મો. રમેશ ખોના : ૯૮૩૩૪ ૯૬૭૧૯ |
| **પરેશ રાયચંદ લોડાયા**<br>(PS 1738) | ૫૦૪/બી, સમૃદ્ધિ એપાર્ટમેન્ટ, ૫મે માળે, ગણેશ ગાવડે ક્રોસ રોડ, વિજયા બેંક પાછળ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૯૯૨૦૨ ૦૦૨૦૫ |
| **વિમલેશ દિનેશ ધરમશી**<br>(PS 765) | રૂમ નં. ૬, વંદના માને નિવાસ, કિરોલ વિલેજ, બસ ડેપોની સામે, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. |
| **શ્રીમતી ઈંદિરા દિનેશ લોડાયા**<br>(PS 3901) | રૂમ નં. ૩, અંજની બિલ્ડીંગ, ૩જે માળે, પેરેડાઈઝ સોસાયટીની સામે, નવાપાડા, સુભાષ રોડ, ડોમ્બીવલી (વે)-૪૨૧ ૨૦૨. મો.: ૯૩૨૨૮ ૩૬૧૭૮ |
| **ગુલાબચંદ નારાણજી લોડાયા**<br>(PS 4662) | બી-૨, ૧૦૪, સાઈધામ કૉમ્પ્લેક્સ, દેવ કૃપા કો.હા.સો. પાસે, પૂર્ણા વિલેજ, ભિવંડી - ૪૨૧ ૩૦૨. મો. : ૯૭૬૯૩ ૪૧૩૩૨ |
| **શ્રીમતી લક્ષ્મીબાઈ આણંદજી ખોના**<br>(PS 6745) | બ્લૉક નં. ૬, શાલિની કુંજ, ૧લે માળે, પટેલ નગર, ભગીરથ સ્કુલની પાછળ, જલગામ - ૪૨૫ ૦૦૨. મો.: કેતન ૯૯૨૨૮ ૫૯૭૨૪, વૃંદા ૯૪૨૨૨ ૨૨૧૮૪ |
| **જવેરચંદ કુંવરજી મૈશેરી**<br>(PS 5393) | ૧૬-૭-૨૧૫, ૨જે માળે, ફાઈફા મશીદની સામે, ચાદર ઘાટ, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૪. મો.: ૯૬૫૨૭ ૪૫૧૩૮ |
| **મનીષકુમાર ભરત લોડાયા**<br>(PS 6027) | સુબિક્ક્ષમ એપાર્ટમેન્ટ, વેદાપુરી, બ્લૉક નં. ૨, એ૪, સબરી એસ્ટેટ, રામલિંગમ નગર, ૪થો ક્રૉસ, ૩જે માળે, કે.કે. પુદુર, કોઈમ્બતુર-૬૪૧ ૦૩૮. |

## જીવનચક્ર

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૧૨-૧૬ | મજગામ | સૌરભ હિતેન્દ્ર મોતા | વાંકુ | ૩૨ |
| | કલવા | કિરણ રાયચંદ લોડાયા | સાંધાણ | ૩૦ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૧૨-૧૬ | મુલુંડ | વૈભવ પિનાકીન જેઠાભાઈ છેડા | નલીયા | ૨૮ |
| | મુલુંડ | નિરાલી નિર્મલ શાંતીલાલ ગડા | બાડા | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૧૨-૧૬ | ડોમ્બીવલી | રાજેન્દ્ર ધનજી પાર્શ્વીર ડાઘા | વરાડીયા | ૬૩ |
| ૦૧-૦૧-૧૭ | અમદાવાદ | વિજય ઉમરશી ભારાણી (ખોના) | જખૌ | ૫૪ |
| ૦૬-૦૧-૧૭ | ધુલીયા | ગીરીશ લીલાધર ભાટે (મૈશેરી) | બાંઢીયા | ૫૭ |
| ૦૮-૦૧-૧૭ | મુલુંડ | નવીન દેવરાજ ચત્રભુજ લોડાયા | સાંધવ | ૬૩ |
| ૦૮-૦૧-૧૭ | મુલુંડ | સૌમીલ કિરીટ ડાઘા | વરાડીયા | ૨૮ |
| ૦૯-૦૧-૧૭ | નાસિક | નવલબેન જીવરાજ લોડાયા | બાંઢીયા | ૯૭ |
| ૦૯-૦૧-૧૭ | ડોમ્બીવલી | મણીબેન પદમશી ધરમશી (પટેલ) | જખૌ | ૯૦ |
| ૧૩-૦૧-૧૭ | મુલુંડ | લક્ષ્મીબેન ભવાનજી લોડાયા | નલીયા | ૭૫ |
| ૧૪-૦૧-૧૭ | ડોમ્બીવલી | ખીમજી પદમશી ધરમશી | ભરૂડીયા | ૮૪ |

**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# અનુમોદના :
# દાનવીર શ્રી હંસ ભવાનજી ખીમજી




આપના પિતા
શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજીના સ્મરણાર્થે
વિરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના
નવનિર્મિત સંકૂલને

**SHRI BHAVANJI ARJAN KHIMJI**
**KDO JAIN EDUCATIONAL CAMPUS**

નામ આપી શિક્ષણ પ્રત્યે
જે લાગણી અને જાગૃતતા દાખવી છે
તે બદલ આપશ્રીની
ખૂબ ખૂબ અનુમોદના

શ્રી ગુલાબ હીરજી છેડા - બેંગલોર
શ્રીમતી હેમા ગુલાબ છેડા - બેંગલોર
શ્રી નિખીલ ગુલાબ છેડા - બેંગલોર
શ્રીમતી દીપિકા જીગ્નેશ શાહ - મુંબઈ
શ્રી જીગ્નેશ હસમુખલાલ શાહ - મુંબઈ

## કાંકરેજ ગાયનું સંવર્ધન કરાય છે અબડાસા રાપર ગઢવાળીની ગૌશાળામાં

(અહિંસા એવોર્ડ વિજેતા)

અબડાસા રાપરગઢવાળી ખાતે ગૌશાળા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી કાંકરેજ ગૌ સંવર્ધનનું કામ કરી થઈ રહ્યું છે. છેલ્લા ૧૩ વર્ષથી વિપુલભાઈ લોડાયા તથા તેના પિતાશ્રી શિવજીબાપાની મહેનતને કારણે આજે કાંકરેજ ગૌવંશનું સંવર્ધન કરવામાં આવી રહ્યું છે.



કાંકરેજમાં જે સાચી નસલ છે જેનું એક ટંકનું દુધ ૪થી ૫ લિટર છે તેનું દુધ ૮ થી ૧૦ લિટર કેમ પહોંચે એવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સારા આખલાનો ઉછેર કરી ગામે ગામ આપવામાં આવશે તથા માલધારીને મળે અને સારૂં સંવર્ધન થાય અને કાંકરેજનો વેલો તૈયાર થાય. ગાયના દુધમાંથી રોજનું તાજું દુધ મેળવી છાસ બનાવીને તેમાંથી માખણ દ્વારા ઘી તૈયાર કરવામાં આવે છે. વલોણા દ્વારા આજના આધુનિક યુગમાં હાથના વલોણાથી છાશ બનતું હોય એવું આ એક માત્ર સ્થાન છે.

આ સેવા ભાવી સંસ્થાને સાથ સહકાર આપવા લોકો વલોણાથી બનેલા ઘી વાપરે અને આર્થિક સહાય મળવાથી થોડી રાહત મળી રહે છે. બાકી ઘટતો ખર્ચ ટ્રસ્ટીઓ દ્વારા પૂર્ણ કરવામાં આવે છે.

ટ્રસ્ટીઓ શ્રી વસંતભાઈ રવીભાઈ શાહ તથા મોતા હિતેન્દ્ર માણેકજી તથા રાંભિયા મોહનલાલ મુળજી દ્વારા ખૂબજ જહેમત ઉઠાવીને મોટી સંસ્થામાં આવતા ખર્ચને પહોંચી વળીને આ સંસ્થાને કોઈ પણ રીતે ચલાવવી અન કાંકરેજ બિજ સુધરે અને સંવર્ધન થાય તો ગાય દરેક સમાજના વ્યક્તિને રાખવી પોષાય.

આ અબડાસાની ગૌશાળાનો સંકુલ જોવાલાયક છે અને દાતાઓએ આવા મોડેલ સંકુલ ગામેગામ બનાવવા જોઈએ.

# જ્ઞાતિ આગેવાનોએ પોતપોતાના વ્યવસાયમાં નવા કીર્તિમાનો સ્થાપિત કર્યા. અભિનંદન !





સ્યોર સેફટી (ઇંડિયા) પ્રા. લિ. ના સંચાલક અને સમસ્ત મહાજન સાથે સંકળાયેલા જ્ઞાતિ આગેવાન નિશિથ દંડ (વડોદરા)ને તાજેતરમાં ઇનોવેશન એક્સલન્સ (નવી શોધમાં શ્રેષ્ઠતા) એવોર્ડ પ્રાપ્ત થયો છે.

કોટન એસોસીએશન ઓફ ઇંડિયા, કોટનગ્રીન - મુંબઈ કોટનના વેપાર સાથે સંકળાયેલાઓની મુખ્ય સંસ્થા છે. એક જમાનામાં અહીં આપણી જ્ઞાતિનો દબદબો હતો. હાલે પણ કેટલાક જ્ઞાતિ આગેવાનો એ પરંપરા જાળવી રહ્યા છે.

તાજેતરમાં થયેલ કોટન એસોસીએશન ઓફ ઇંડિયાની ચુંટણીમાં શ્રી પંકજભાઈ ધનજી મેપાણી (પરજાઉ) ડાયરેક્ટર પદે ચુંટાયા છે. તેઓ એસોસીએશનની વિવિધ સમિતિમાં સેવા આપી ચૂક્યા છે. તેઓ ઇંડિયન ફાયબર સોસાયટી અને ઇંડિયન સોસાયટી ફોર કોટન ઇન્પ્રુવમેન્ટના કારોબારી સભ્ય છે.



પંકજભાઈ

દીપકભાઈ દામજી પોલડીયા (ગોએરસમા - ભૂસાવલ) કોટન એસોસીએશન ઓફ ઇંડિયાના એસોસીએટ ડાયરેક્ટર પદે ચૂંટાયા છે. તેઓ સમસ્ત મહાજન અને મહારાષ્ટ્ર એકમના વરિષ્ઠ આગેવાન છે.



દીપકભાઈ

## પુષ્પાંજલિ : શ્રદ્ધાંજલિ



જન્મ : તા. ૨૧/૧૦/૧૯૫૯

અરિહંત શરણ : તા. ૧૭/૦૧/૨૦૧૬

### સ્વ. સૌ. વિજયાબેન હરીશ ડાઘા

(ગામ : વરાડીયા - હાલ : ભાંડુપ)

માં વિના સુના ઘર ને સુના આંગણ... સુના તુમ વીણ બાળકો...
સદગુણોથી સીંચવી ઘરસંસાર ને આપ્યા બાળકોને સુસંસ્કાર...
તમારી યાદથી આંખો છલકાય સદા... પ્રેમાળ માડીના આત્માને
પ્રભુ પરમાત્મા ચિર:શાંતિ આપે એજ પ્રાર્થના

**શોકાતુર : " આપના બાગના પુષ્પો"**

| | |
|---|---|
| પતિ | : **શ્રી હરીશ ધનજી ડાઘા** |
| સાસુ-સસરા | : **સ્વ. જયાબાઈ ધનજી પાશ્વીર ડાઘા** |
| માતા-પિતા | : **સ્વ. સોનબાઈ શીવજી લોડાયા** (માંડવી-કોડારા) |
| પુત્ર-પુત્રવધુ | : **અ.સૌ. કિંજલ જય ડાઘા** |
| પુત્રી-જમાઈ | : **અ.સૌ. જીનલ કરણ ખોના** (તેરા) |
| પૌત્ર-દોહીત્ર | : **વીર તથા ધ્રુવાંશ** |

## શ્રી અનંતનાથ યુથ ફોરમ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



શ્રી અનંતનાથજી યુથ ફોરમ AYF દ્વારા તા. ૭-૦૧-૨૦૧૭ રવિવારના બોક્સ ક્રિકેટનું આયોજન કરવામાં આવેલ જેમાં ૮ ટીમોએ ભાગ લીધેલ.

ફાઈનલ મેચના વિજેતા મુલુંડ યંગસ્ટર અને રનર્સઅપ ટીમ અનંત છાયા ઘાટકોપર રહેલ. ટુર્નામેન્ટના સ્પોન્સર માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા હતા. ટુર્નામેન્ટ દરમિયાન મણીકાંતભાઈ લોડાયાએ હાજરી આપેલ. સમગ્ર આયોજનમાં યુથ ફોરમના કન્વીનર વિપુલ ખોના અને કાંજુરમાર્ગની ટીમે નોંધપાત્ર ફાળો આપેલ.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

# આનંદ સહ આશ્ચર્યમ્
## *For Your Lovely Surprise*



***There are two things We should give our Children,***

***One is root & other is wings..... We gave them both !***

***We have to show our gratitude for***

***love, affection and family bond.***

**Amit :** B.E., MBA Project Manager L & T Infotech
**Tejal :** B.Com., MBA, Professor
**Khushi & Palaash** - CT USA



**Punit :** B.Com. MBA AVP, Pramerica Asset Management
**Khyati :** PG Journalism, Consultant Crisil Ltd.
**Rhea** - Navi Mumbai

You all excelled
not only in academics also in professional field,
habit of winning awards is continuing even now.
You never allowed
to acknowledge your achievements publicly.
You have grown
but still family roots are strong.
We are sure
you will inculcate these to gen-next.
We are proud
to have such a wonderful family.



**Sumit :** B.E. MBA, VP, Goldman Sachs India
**Aarthi :** B.E., MBA, Sr. Manager, USL
**Divisha** - Bengaluru

તમારા જેવા પુત્રો અને એથી વધે એવી પુત્ર વધુઓ
અને પ્યારા-પ્યારા પૌત્ર - પૌત્રીઓ
પામીને અમે ગૌરવાન્વિત થયા.
અમે પ્રભુ પરમાત્મા નો અંતઃકરણ થી આભાર માનીએ છીએ.



**Harish & Malti Dharamsi**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (16-01-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# જ્ઞાતિના ઘાટકોપર સ્થિત ૧૧૪ વરસ જૂના વિદ્યાર્થીગૃહના નવસંસ્કરણ રૂપ જ્ઞાતિના દાનવીરોએ ગંજાવર ખર્ચે વર્લ્ડ કલાસ બનાવેલા શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસનો ભવ્ય લોકાર્પણ કાર્યક્રમ







શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના ઘાટકોપર સ્થિત વિદ્યાર્થીગૃહનું નવનિર્માણ પછી લોકાર્પણ શનિવાર, તા. ૦૭-૦૧-૨૦૧૭ના મુલુંડ સ્થિત કાલિદાસ ગ્રાઉન્ડમાં યોજાયેલા કાર્યક્રમમાં થયું હતું.

મુખ્ય દાતા પરિવારના સન્માનમાં વિદ્યાર્થીગૃહના સંકુલને, જ્યાં જ્ઞાતિની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ પણ કાર્યરત છે, તેનું શ્રી ભવાનજી અરજણ ખીમજી ક.દ.ઓ. જૈન એજ્યુકેશનલ કેમ્પસ નામકરણ કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિના અગ્રણી વડીલ શિવજી વિકમશી તથા અગ્રણી દાતા હંસકુમાર ભવાનજી ખીમજીના અને મહારાષ્ટ્રના ગૃહનિર્માણ ખાતાના પ્રધાન પ્રકાશ મહેતાના શુભ હસ્તે શનિવારે સવારે શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહનું ઉદ્‌ઘાટન થયું હતું. ઉદ્‌ઘાટન નિમિત્તે જ્ઞાતિ અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

જાહેર લોકાર્પણ નિમિત્તે મુલુંડ સ્થિત કાલિદાસ ગ્રાઉન્ડમાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ મહેતા સાહેબ શૈલેશ લોઢાના અને જ્ઞાતિના યુવા સંચાલક વૈભવ મોતાના સંચાલન સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હજારો જ્ઞાતિજનો આ લોકાર્પણના સાક્ષી બન્યા હતા.

લોકાર્પણ નિમિત્તે તેના દ્રષ્ટા, તથા અગ્રણી દાતા શિવજી વિકમશી, મુખ્ય દાતા પરિવારના હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી તથા જ્ઞાતિને સાક્ષરતા તથા ઉચ્ચ શિક્ષણ અર્થે સદૈવ ઉત્કૃષ્ટ રીતે મદદરૂપ થનારા રાયચંદ હંસરાજ ધરમશી પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ કાર્યક્રમ પછી જ્ઞાતિજનો મન મૂકીને દાંડિયા ક્વીન ફાલ્ગુનીના તાથૈયાના તાલે રાસ-ગરબા રમ્યા હતા.

વિદ્યાર્થીગૃહના નવનિર્માણનો કાર્યક્રમ અન્ય કાર્યક્રમોથી અલગ તરી આવે તેવો રજવાડી છાપવાળો હોય તેવી નવનિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવનારા ટ્રસ્ટીશ્રી નયન ભેદાની કલ્પનાને સાકાર કરવા સંસ્થાના ભૂતપૂર્વ અને વર્તમાન છાત્રો, કન્યાછાત્રાલયની છાત્રાઓ ઉપરાંત જ્ઞાતિ સંસ્થાઓના કાર્યકર્તાઓએ પ્રાણ રેડીને કામ કર્યું હતું.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,